From the house of HOME CABLE HOME NET

હોમ ટાઈમ્સ

સાપ્તાહિક શનિવાર

FREE COPY

RNI No. MAHGUJ/2016/66853 | Post Reg. No. MNE/373/2019-21 | Volume 9 | Issue 23 | Saturday, 2nd to 8th Sept. 2023 | Price Rs.~~3~~/-

www.hometimes.in www.facebook.com/hometimes.in www.twitter.com/hometimes_news hometimes.in write2us@hometimes.in

દહી હાંડી ઉત્સવ માટે પોલીસ સજ્જ

પોલીસ અધિકારીઓએ દહીંહાંડી આયોજકો સાથે બેઠક યોજી

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડમાં ગોવિંદા મંડળોની એક બેઠક શુક્રવારે મુલુંડ પોલીસ સ્ટેશનમાં યોજાઈ હતી. આ બેઠકમાં મુલુંડ પૂર્વ અને પશ્ચિમના ગોવિંદા આયોજકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં ટ્રાફિક પોલીસ, નવઘર પોલીસ સ્ટેશન અને મુલુંડ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષકો હાજર રહ્યા હતા. આ બેઠક મદદનીશ પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ પ્રસંગે દહીં હાંડી મંડળ અને દહીં હાંડી આયોજકોને માર્ગદર્શિકા સમજાવવામાં આવી હતી.

૭ સપ્ટેમ્બરના રોજ સર્વત્ર દહીં હાંડી ઉત્સવની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આની પૃષ્ઠભૂમિમાં પોલીસ પ્રશાસન સતર્ક બન્યું છે. ઘણા દહીં હાંડી આયોજકો દ્વારા ગલીમાં દહીં હાંડીનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે અનેક વખત વાહનવ્યવહાર ખોરવાય છે. આવી સ્થિતિમાં દહીંહાંડી ઉત્સવનું આયોજન કેવી રીતે કરવું અને દહીંહાંડી ઉત્સવની ઉજવણી કરતી વખતે ગોવિંદા ટુકડીઓ માટે શું નિયમો છે, તેની માહિતી આપવા માટે દહીંહાંડી મંડળો તેમજ પૂર્વ અને પશ્ચિમ બંને પોલીસ સ્ટેશનોની એક મીટીંગ ગયા શુક્રવારે ૧લી સપ્ટેમ્બરે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં મુલુંડ પોલીસ સ્ટેશન અને નવઘર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષકો અને ટ્રાફિક પોલીસ અધિકારીઓ સાથે સહાયક પોલીસ કમિશનર હાજર રહ્યા હતા. આ બેઠકમાં દહી હાંડી ઉત્સવના ૩૫ આયોજકોએ ભાગ લીધો હતો. હાલમાં દહીંહાંડી પોલીસી અંગે પોલીસ દ્વારા પણ સૂચનાઓ આપવામાં આવી છે, તેમજ દહીંહાંડી ઉત્સવમાં ૧૪ વર્ષથી નીચેના બાળકોને સામેલ કરવા જોઈએ નહીં, એના માટે દહીંહાંડી તહેવાર દરમિયાન

(અનુસંધાન દ્વિતીય પાને...)

રોંગ સાઈડ ડ્રાઈવિંગ બાબત પ્રશાસન દ્વારા કડક કાર્યવાહી કરાઈ

૮ મહિનામાં ૫૩ લોકો સામે કેસ દાખલ

■ હોમ ટાઈમ્સ ટીમ

છેલ્લા ૮ મહિનામાં મુલુંડ અને આસપાસના વિસ્તારોમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ અંગેના ૫૩ થી વધુ કેસો નોંધાયા છે. ટ્રાફિક વિભાગે નાગરિકોને રોંગ સાઈડમાં વાહન નહીં ચલાવવાની અપીલ કરી છે.

ઘણી વાર એવું જોવા મળે છે કે મુંબઈની આ ભાગદોડભરી જીવનશૈલીમાં ઘણા ડ્રાઈવરો રોંગ સાઈડ પર ડ્રાઈવિંગ કરે છે. જેના કારણે તેઓ તેમની ઓફિસ અથવા અન્ય કોઈ જગ્યાએ સમયસર તો પહોંચે છે. પરંતુ આ પગલાંથી વાહનચાલકો પોતાનોતો જીવ જોખમમાં મૂકે જ છે, એટલું જ નહીં, પરંતુ રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકોનો જીવ પણ જોખમમાં મૂકાય છે. જેના કારણે ટ્રાફિક વિભાગ દ્વારા રોંગ સાઈડ ડ્રાઈવિંગ પર કડકાઈ દાખવવામાં આવી રહી છે અને આ વાહન ચાલકો પર સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જ્યારે હોમ ટાઈમ્સે મુલુંડ અને આસપાસના વિસ્તારોમાં વધી રહેલા રોંગ સાઈડ ડ્રાઈવિંગ અંગે મુલુંડ ટ્રાફિક વિભાગના વરિષ્ઠ અધિકારીનો સંપર્ક કર્યો, ત્યારે તેમણે જણાવ્યું કે ઓગસ્ટ મહિનામાં રોંગ સાઈડ ડ્રાઈવિંગના ૨ કેસ પ્રકાશમાં આવ્યા છે. પરંતુ જુલાઈ મહિનામાં રોંગ સાઈડ ડ્રાઈવિંગના આવા ૨૩ કેસ મળી આવ્યાં હતાં. આ તમામ વાહન ચાલકો સામે ટ્રાફિક વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીના છેલ્લાં ૮ મહિનામાં કુલ ૫૩ રોંગ સાઈડ ડ્રાઈવિંગના કેસ નોંધાયા છે. રોંગ સાઈડ ડ્રાઈવિંગ માટે દંડ વસૂલવાની કોઈ જોગવાઈ નથી. જ્યારે આમ કરવામાં આવે છે, ત્યારે નાગરિકોને સીધાં જ કોર્ટમાં લઈ જવામાં આવે છે અને કોર્ટ પછી તેનો ચુકાદો આપે છે. આ ઝુંબેશને વેગ આપવા માટે ટ્રાફિક વિભાગ દ્વારા છેલ્લા મહિનાથી 'નો રોંગ સાઈડ ડ્રાઈવિંગ' એવી ખાસ ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે. ટ્રાફિક વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે રોંગ સાઈડ પર વાહન ન ચલાવે અને તેમના પ્રિયજનો તેમજ અન્યના જીવનને નુકસાન પહોંચાડાવાથી બચે.

> "મુલુંડમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગના કેસો અંગે ટ્રાફિક વિભાગ સતત કાર્યવાહી કરી રહ્યું છે. વાહનચાલકોની આ બેદરકારીના કારણે રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. તેથી શહેરીજનોને રોંગ સાઈડ પર વાહન નહીં ચલાવવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા નમ્ર અપીલ છે.
>
> **- અજિત સુલે,**
> **વરિષ્ઠ અધિકારી - મુલુંડ ટ્રાફિક વિભાગ**

RFC
RAHUL'S
The Taste Destination
BARBEQUE ROLLS | PIZZA | PASTA
LEBANESE | CHINESE | JUICE
+91 8591692727
rahulsfoodcourtmulund
Shop no 16, Golden Willows building, Next to Mann Punjab Hotel,
Cypress, Mulund (W), Mumbai - 400080
WE SERVE JAIN FOOD

વિશ્વના ૭ સૌથી ઊંચા પર્વત પર ભારતીય તિરંગો લહેરાવનાર મુલુંડના નિવાસીને શિવછત્રપતિ રાજ્ય ખેલ એવોર્ડથી સન્માનિત કરાયા

સોમવારે પુણેમાં સન્માન સમારોહનું આયોજન

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડ નિવાસી પર્વતારોહકને શિવ છત્રપતિ રાજ્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં, જે રાજ્યનો રમતગમત અંગેનો સર્વોચ્ચ પુરસ્કાર કહેવાય છે. સોમવારે પુણેમાં આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યપાલ દ્વારા આ પુરસ્કાર આપવામાં આવ્યા બાદ મુલુંડ અને આસપાસના વિસ્તારોમાં યુવાનના ખૂબ વખાણ થઈ રહ્યા છે.

સોમવારે પુણેમાં રમતગમત અને અન્ય ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને શિવછત્રપતિ રાજ્ય રમત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલ રમેશ બેસ, રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને રમતગમત પ્રધાન સંજય બનસોડે દ્વારા એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુલુંડના રહેવાસી ૩૧ વર્ષીય કેવલ કક્કાનું પણ વિશ્વના ૧૪ સૌથી ઊંચા પર્વતો પૈકીના ૭ પર ત્રિરંગો લહેરાવવાની અભુતપૂર્વ સિદ્ધિ

બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૭માં માત્ર કક્કાએ જ ૮૦૦૦થી ઉંચા ૨ પર્વતો એટલે કે માઉન્ટ એવરેસ્ટ અને માઉન્ટ લાઓ ત્ઝુને માત્ર ૬ દિવસમાં જીતી લેવાનો ચમત્કાર કર્યો હતો. આ સિવાય કેવલે માઉન્ટ નચલુ મનાસ્લુ, માઉન્ટ ચો ઓયુ અને માઉન્ટ અન્નપૂર્ણાના શિખરો પર પહોંચીને ભારતીય ત્રિરંગો લહેરાવ્યો હતો. આપને જણાવી દઈએ કે કક્કાની કંપની બિયોન્ડ એલ્ટિટ્યુડ અને ઈમેજીન નેપાળના સંયુક્ત ઉપક્રમે માઉન્ટ ધૌલાગીરી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમેરિકા, ચીન, જાપાન તથા કેનેડાના ક્લાઈમ્બર્સે ભાગ લીધો હતો. જો કે તેમાં કક્કા એકમાત્ર ભારતીય હતા. આ સિદ્ધિ હાંસલ કર્યા પછી, કેવલની મુલુંડ અને આસપાસના વિસ્તારોમાં વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી રહી છે.

મુંબઈની તમામ સરકારી હોસ્પિટલોમાં 'દર્દી મિત્ર' સહાયરૂપ થશે

મંત્રી મંગલ પ્રભાત લોઢાનો આદેશ

■ હોમ ટાઈમ્સ ટીમ

હોસ્પિટલોમાં આવ્યા બાદ નાગરિકોના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોના નિવારણ માટે અને દર્દીઓને સંપૂર્ણ માર્ગદર્શન આપવા મંત્રી મંગલ પ્રભાત લોઢાએ દરેક હોસ્પિટલમાં 'રુગ્ણ મિત્ર' સ્થાપવાના આદેશ આપ્યા છે. મંત્રી મંગલ પ્રભાત લોઢાના સ્વદેશ બાદ આ મામલે એક પગલું આગળ વધવા સાથે કાર્ય શરૂ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં તમામ સરકારી હોસ્પિટલોમાં આ નવો કક્ષ જોવા મળશે.

અહીં ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં દર્દીઓ આવે, ત્યારે જરૂરી માહિતીના અભાવે દર્દીઓ અને તેમના પરિવારજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેના કારણે તેમનો ઘણો સમય આ કામમાં વેડફાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને બીએમસી હોસ્પિટલોમાં રુગ્ણ મિત્ર એટલે કે દર્દીઓની મદદ માટે હેલ્પ રૂમ બનાવવાની જાહેરાત કરવામાં આવી

છે. જેના કારણે હવે દર્દીઓ અને તેમના પરિવારજનોને સંપૂર્ણ માર્ગદર્શન મળશે. બુધવારે પાલક મંત્રી મંગલ પ્રભાત લોઢાએ આ જાહેરાત કરી છે. પાલક મંત્રીની આ સૂચના બાદ કમિશનર ઈકબાલ સિંહ ચહલે એડિશનલ મ્યુનિસિપલ કમિશનર ડો.સુધાકર શિંદેને આ કક્ષ રચવાનો આદેશ આપ્યો છે. મોટી હોસ્પિટલોમાં સવારે ત્રણ, બપોરે બે અને રાત્રે બે કર્મચારીઓ હાજર રહેશે. ઉપનગરીય હોસ્પિટલોમાં, દિવસ દરમિયાન બે કર્મચારીઓ અને બપોર પછી એક-એક કર્મચારી ઉપલબ્ધ રહેશે. એટલું જ નહીં, આ કર્મચારીઓ ટેકનોસેવી હશે અને હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાઓનું પણ સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હશે. એક અંદાજ મુજબ આ પ્રયાસને કારણે દર્દીઓ અને તેમના પરિવારજનોને હવે હાલાકી તથા મુશ્કેલીઓનો સામનો કરવો નહીં પડે.

ફાયર બ્રિગેડને પાંચ નવા વાહનો મળશે, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ

ડિસેમ્બરના અંત સુધીમાં વાહનો ઉપલબ્ધ કરાવાશે

■ હોમ ટાઈમ્સ ટીમ

મુંબઈ ફાયર બ્રિગેડ પાસે ડિસેમ્બરના અંત સુધીમાં ૫ મિની ફાયર એન્જિન ઉપલબ્ધ હશે. હાલમાં, આ વાહનો ખરીદવા માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને વહીવટીતંત્ર તેના પર ૭ કરોડથી વધુનો ખર્ચ કરવા જઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઝૂંપડપટ્ટીમાં દરરોજ આગજનીનાં બનાવો બને છે. અહીં રસ્તાઓ સાંકડા હોવાને કારણે ફાયર બ્રિગેડના વાહનોની અવરજવર માટે ભારે મથામણ કરવી પડે છે. પરંતુ હવે આ સમસ્યાનો સામનો કરવા માટે ફાયર બ્રિગેડે ૫ નવા ફાયર એન્જિન ખરીદવાનો નિર્ણય કર્યો છે. જે મિની ફાયર એન્જિન કહેવાશે. આ વાહનોમાં ૧૦૦૦ લીટર પાણીની ફોમ ટેન્ક હશે. જો ઘટના સ્થળે તેલના કારણે આગ લાગી હોય અથવા ફેલાઈ જાય તો ફીણવાળાં પાણીનો પણ છંટકાવ કરવામાં આવી શકે છે. જેના કારણે વહેલી તકે આગ પર કાબૂ મેળવવો સરળ બનશે. આ વાહનો માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તેના પર વહીવટીતંત્ર દ્વારા ૭ કરોડ ૫૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ વાહનો ડિસેમ્બરના અંત સુધીમાં ફાયર સ્ટેશનો પર પહોંચી જશે. આ અંગે ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડના પાંચ મોટા વાહનોનો કાર્યકાળ ૫ હજાર કામકાજના કલાકો અથવા ૧૦ વર્ષ સુધીનો છે અને મુંબઈ ફાયર બ્રિગેડ પાસે નાના-મોટા તમામ વાહનો સહિત કુલ ૨૭૦ વાહનો છે. આગામી દિવસોમાં આ વાહનો આવ્યા બાદ સત્તાવાળાઓ માટે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં લાગેલી આગને બુઝાવવામાં સરળતા રહેશે.

ફ્લોરિંગ સોલ્યુશન્સ

ગણપતિ ડેકોરેશન

હોલસેલ ના ભાવે ઉપલબ્ધ

અમે ઉંચી ગુણવત્તા ધરાવતી તાડપત્રી અને શેડ નેટનું ઉત્પાદન કરીએ છીએ. અમારી પાસે ડોરમેટ, કુશન મેટ્સ અને એસ-મેટ્સની એજન્સી છે. ઘર તથા ઓફિસ માટે, અમે આર્ટીફીશીયલ ગ્લાસ (કૃત્રિમ ઘાસ), બિન-વણાયેલ કાર્પેટ અને પીવીસી કાર્પેટ પણ રાખીએ છીએ.

અમે તહેવારોની સિઝનમાં વિશેષ આર્ટીફીશીયલ ફૂલના તોરણ અને ગ્રીન મેટ બેકડ્રોપ્સની વિશાળ પસંદગીની શ્રેણી પણ અમારા માનવંતા ગ્રાહકોને પ્રદાન કરીએ છીએ. ઉક્ત તમામ ઉત્પાદનો જથ્થાબંધ ભાવે ઉપલબ્ધ છે.

સરનામું : ઈ-૧૪, સુનિતા આનંદ પેલેસ, બાલરાજેશ્વર રોડ, વૈશાલી નગર, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૮૦.

સંપર્ક : યોગેશ મજીઠીયા: 9819243679 / કરણ મજીઠીયા : 7977009021

સંપાદકીય

હિમાંશુ કોઠારી

દહીહાંડી આયોજકો જોગ: સલામતીનું ધ્યાન રાખો!

જન્માષ્ટમીના તહેવારનું હિન્દુઓ માટે ઘણું મહત્વ છે, જન્માષ્ટમીનો તહેવાર શ્રી કૃષ્ણની જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. શ્રી કૃષ્ણ ભગવાન વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે, જેમણે દેવકી અને વાસુદેવના પુત્ર તરીકે પૃથ્વી પર જન્મ લઈને મથુરાના લોકોને નિર્દયી કંસના શાસનમાંથી મુક્ત કર્યા હતા. એટલું જ નહીં, મહાભારતના યુદ્ધમાં પાંડવોને વિજય અપાવવામાં પણ તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વર્ષે કૃષ્ણ જન્માષ્ટમી ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ઉજવવામાં આવશે. બીજા દિવસે ૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ દહી હાંડીનો તહેવાર ઉજવવામાં આવશે. દહીં હાંડી ઉજવવાની પરંપરા દ્વાપર યુગથી ચાલી આવે છે. આ પવિત્ર દિવસે, ભક્તો મંદિરમાં ભગવાનની પ્રાર્થના કરે છે અને તેમને ભોજન અર્પણ કરે છે. આ દિવસે મોટાભાગના હિંદુ લોકો તેમના ઘરે દૂધ, મધ અને પાણીથી બાળ ગોપાલનો અભિષેક કરે છે અને તેમને નવા વસ્ત્રો પહેરાવે છે. આ ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણના ભક્તો આખા દિવસનો ઉપવાસ કરે છે. સાંજે, લોકો મંદિરના પ્રાંગણમાં ભેગા થાય છે અને ભગવાન કૃષ્ણના જીવન સાથે સંબંધિત લોકગીતો અને સ્તોત્રોનો આનંદ માણે છે. ઘણાં સ્થળોએ શ્રી કૃષ્ણની ઝાંખીઓ પણ કાઢવામાં આવે છે.

ભાદ્રપદ મહિનાના કૃષ્ણ પક્ષની નોમના રોજ દહીં હાંડીનો તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવાર કૃષ્ણ જન્માષ્ટમીના બીજા દિવસે ઉજવવામાં આવે છે. તેને ગોપાલ કલા તરીકે પણ ઓળખવામાં આવે છે. દહીં હાંડી ઉજવવાની પરંપરા દ્વાપર યુગથી ચાલી આવે છે. જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં જન્માષ્ટમીના અવસરે આ તહેવાર દહીં હાંડી પરંપરા સાથે ઉજવવામાં આવે છે. જેમાં છોકરાઓનું ટોળું કમ્પાઉન્ડમાં એકત્ર થઈને સ્વયંભુ પિરામિડ બનાવે છે અને જમીનથી ૨૦-૩૦ ફૂટની ઊંચાઈએ લટકતા માટીના વાસણને તોડી નાખે છે. આ વખતે દહીહાંડીનો ઉત્સાહ અલગ જ સ્તરે જોવા મળી રહ્યો છે. ગયા વર્ષે જ રાજ્ય સરકારે દહીહાંડી પર્વ પર ૨ દિવસની રજા જાહેર કરી હતી. જેના કારણે ગોવિંદા પથકને તૈયારી કરવાનો મોકો તો મળે જ છે, પરંતુ તે પ્લાન મુજબ કામ પણ કરી શકે છે. અગાઉ દહીહાંડી એક તહેવારની જેમ ઉજવવામાં આવતી હતી પરંતુ હવે તેને રમતનો દરજ્જો આપવામાં આવતાં ગોવિંદાઓની ટીમમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.પરંતુ બીજી તરફ જ્યાં પહેલા ગોવિંદાઓ તેને ઉત્સવ અને ધાર્મિક વિધિ તરીકે ઉજવતા હતા ત્યાં હવે નાના ગોવિંદાઓ પણ તેના પર લાખોનું ઈનામ રાખાયું હોઇ તેઓ પોતાનો જીવ જોખમમાં મૂકતા અચકાતા નથી આ રીતે તહેવાર તથા તેના અંગે લોકોની લાગણી સાથે રમવાનું કેટલું ખોટું છે તેનું તો કોઈએ અનુમાન પણ લગાવી શકે નહીં. ગોવિંદા ટીમો જ્યારે પ્રથમવાર દહીં હાંડી રમતમાં એકબીજાની સામે આવતાં ત્યારે તેમની વચ્ચે પ્રેમ અને વફાદારી છલકાતી જોવા મળતી હતી, પરંતુ ધીમે ધીમે આ તેમના માટે હાર-જીતનો પ્રશ્ન બની ગયો છે. તેવી જ રીતે આ રમતમાં મહિલાઓની ભાગીદારીએ સમાજને એક પગલું આગળ વધાર્યું છે. મહિલા ટીમે પણ દહીહાંડીમાં પોતાની ભાગીદારી શરૂ કરી છે, જેનાથી મહિલાઓનો આત્મવિશ્વાસ તો વધ્યો છે, પરંતુ રૂઢિચુસ્ત પરંપરાનો પણ અંત આવ્યો છે. ભલે આયોજકો ધ્યાન ન આપે, પણ ગોવિંદાઓએ પોતાનો જીવ જોખમમાં મૂકીને આ સ્પર્ધા પાછળ દોડવું જોઈએ નહીં. આયોજકોએ ગોવિંદાઓને તેમની સલામતી માટે સુરક્ષા કીટ પણ આપવી જોઈએ.

આ તહેવારને પરંપરાગત રમતનો દરજ્જો આપીને દહીહાંડી ઉત્સવની ઉજવણી કરતી વખતે નિયમો અને કાયદાનું પાલન કરવું ફરજિયાત બન્યું છે, પરંતુ આયોજકોનો ઉત્સાહ અને ગોવિંદાઓનો ઉત્સાહ નિયમોની અવગણના કરીને આ રમત રમે છે. દરેક રમતના પોતાના નિયમો હોય છે, જેના કારણે ખેલાડીઓ પણ સુરક્ષિત રીતે રમત રમી શકે છે. પરંતુ સરકાર અને વહીવટીતંત્રના ઉદાસીન વલણથી ગોવિંદા પથકોને દર વર્ષે અકસ્માતનો ભોગ બનવું પડે છે. તેથી જ હવે ગોવિંદાઓએ આ રમતમાં સમજદારીપૂર્વક જોડાવું જોઈએ અને તેને સ્પર્ધાની જેમ નહીં પણ રમતની જેમ રમવું જોઈએ, તો જ ગોવિંદા અકસ્માતોથી બચી શકશે. **હોમ ટાઈમ્સ**ના તમામ વાચકોને જન્માષ્ટમીની શુભકામનાઓ

ફરજ પરની મુલુંડ પોલીસને મહિલાઓએ રાખડી બાંધી

પોલીસે સુરક્ષાની ખાતરી આપી

■ હોમ ટાઈમ્સ ટીમ

રક્ષાબંધનનો દિવસ બહેન અને ભાઈના પવિત્ર સંબંધનો તહેવાર છે. આ દિવસે બહેન તેના ભાઈને રાખડી બાંધે છે અને તેના ભાઈ પાસેથી પોતાની રક્ષાનું વરદાન મેળવે છે. મુલુંડમાં પણ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક ધરાવતો આ તહેવાર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. મુલુંડ પોલીસ સ્ટેશનમાં પણ આ તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓએ મુલુંડ પોલીસ સ્ટેશને આવીને પોલીસને રાખડી બાંધી અને સમાજની રક્ષા માટે તેમની પાસેથી આશીર્વાદ લીધાં હતાં.

બુધવારે સર્વત્ર રક્ષાબંધન પર્વની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મુલુંડના બજારોને વિવિધ પ્રકારની રંગબેરંગી રાખડીઓથી શણગારાયા હતા. ભાઈ અને બહેનના આ તહેવાર નિમિત્તે મુલુંડ પોલીસને પણ ડ્યુટી દરમિયાન આ ક્ષણનો સુખદ અનુભવ થયો હતો. ભારતીય જનતા પાર્ટીની મહિલા કાર્યકરોએ બુધવારે મુલુંડ પોલીસ સ્ટેશન આવી અને પોલીસકર્મીઓ સાથે રાખડી બાંધીને રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો. રક્ષાબંધનના દિવસે પણ પોલીસ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર નાગરિકોની સુરક્ષા માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા ફરજ બજાવે છે. પોલીસે સગીરા, મહિલાઓ અને વૃદ્ધાઓની સુરક્ષા માટે વિશેષ નિર્ભયા સ્ક્વોડની રચના કરી છે. આનાથી મહિલાઓ સામે અન્યાય અને ઉત્પીડનની ઘટનાઓને રોકવામાં મદદ મળેલ છે. પોલીસની આ ફરજને કારણે પોલીસનું સન્માન જાળવવા માટે મુલુંડ પોલીસ સ્ટેશનમાં મહિલાઓએ પોલીસકર્મીઓના કામની પ્રશંસા કરી અને તેમને રાખડી બાંધી હતી. ભારતીય જનતા પાર્ટી મહિલા તાલુકા પ્રમુખ દીપિકા ઘાગની આગેવાની હેઠળ મહિલા કાર્યકરોએ પોલીસને રાખડી બાંધી મહિલા સુરક્ષાની પ્રતિજ્ઞા લીધી હતી અને તેમના લાંબા આયુષ્યની કામના કરી હતી.

રાજ્યમાં 'સરકાર તમારા આંગણે' અને મુલુંડમાં 'ધારાસભ્ય આપના દ્વાર પર' પહેલ શરૂ થઈ

■ હોમ ટાઈમ્સ ટીમ

રાજ્ય સરકારની પહેલ 'ગવર્નન્સ એટ યોર ડોરસ્ટેપ' મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ચાલી રહી છે. આ પહેલ હેઠળ, સરકાર સરકારી યોજનાઓ અને પ્રવૃત્તિઓની માહિતી નાગરિકોના ઘર સુધી પહોંચાડવાનું કામ કરી રહી છે. સરકારની આ પ્રશંસનીય પહેલ સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે ત્યારે મુલુંડના ધારાસભ્યે પણ સરાહનીય પગલાંની શરુઆત કરી છે. આ સરાહનીય કાર્યનું નામ 'વિધાયક આપકે દ્વાર' છે અને આ પહેલનું શુભ ઉદ્દઘાટન બુધવારે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું.

રાજ્ય સરકારની પહેલ 'સરકાર તમારે આંગણે' પછી હવે મુલુંડના ધારાસભ્ય મિહિર કોટેચાએ નવી પહેલ 'વિધાયક આપના દ્વાર પર' શરૂ કરી છે. આ પહેલનું ઉદ્દઘાટન બુધવારે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું. આ પહેલ હેઠળ ધારાસભ્ય કોટેચાએ 'વિધાયક આપકે દ્વાર પર' નામનું એક વિશેષ વાહન તૈયાર કર્યું છે. આ વાહનમાં

ધારાસભ્યની ઓફિસ માટે જરૂરી ટીવી, પ્રિન્ટર, કોમ્પ્યુટર, ટેબલ, ખુરશી જેવી સામગ્રી હશે. આ વાહન દરરોજ અલગ-અલગ વિભાગમાં જશે અને ધારાસભ્યો પસંદગીના વિભાગના મુખ્ય ચોક પર આ વાહનમાં બેસીને નાગરિકોના પ્રશ્નોના તત્કાળ નિરાકરણનો પ્રયત્ન કરશે. આ પહેલ દ્વારા, જે નાગરિકો ધારાસભ્યોના કાર્યાલય સુધી પહોંચી શકતા નથી તેઓ હવે તેમના સંબંધિત વિભાગો/વોર્ડમાં જ ધારાસભ્યોને મળી શકશે અને ધારાસભ્યોને તેમની સમસ્યાઓ સુગમતાથી પહોંચાડી શકશે. મુંબઈ તેમજ મહારાષ્ટ્રમાં આ પ્રકારની પ્રથમ અનોખી પહેલનો પ્રારંભ થયો છે. આ પહેલથી ધારાસભ્યના કાર્યાલય સુધી પહોંચવામાં ખર્ચાતા નાગરિકોના સમય અને ખર્ચની પણ બચત થશે. આ સાથે ધારાસભ્યો સ્વયં આ વાહનમાં બેસીને નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ કરશે, જેના કારણે નાગરિકોની સમસ્યાઓના સમયસર નિરાકરણ માટેનો માર્ગ મોકળો થયો છે. નાગરિકોને સોશ્યલ મીડિયાના માધ્યમથી એક દિવસ અગાઉ સ્થળ અને કયા દિવસે 'MLA at your doorstep' વાહન ઉપલબ્ધ થશે, તેની માહિતી મળી જશે. તે દિવસે આ વાહન જે તે સ્થળે નાગરિકો માટે ઉપલબ્ધ રહેશે.

> **"'ધારાસભ્ય આપના આંગણે' આ પહેલ રાજ્યમાં પ્રથમ વખત અમલમાં આવી રહી છે. તમામ સુવિધાઓ સાથે ઉપયોગી આ વાહનના લોકેશન અંગે નાગરિકોને એક દિવસ અગાઉથી જાણ કરવામાં આવશે. અમે નાગરિકોના ઘરે ઘરે જઈને તેમના પ્રશ્નોના નિરાકરણ કરવાનો પ્રયાસ કરીશું. આ માધ્યમ દ્વારા વધુને વધુ નાગરિકો સુધી પહોંચવાનો અને તેમની વહીવટી અને નાગરિક બાબતોનું સમાધાન કરવાનો અમારો પ્રયાસ રહેશે. ઘણીવાર નાગરિકો વિવિધ કારણોસર અમારી ઓફિસ સુધી પહોંચી શકતા નથી. તેથી હવે અમે આ નાગરિકોના ઘર સુધી પહોંચીશું અને તેમની સાથે વાતચીત કરીશું.**
>
> **- મિહિર કોટેચા, ધારાસભ્ય**

આ ગણેશ ઉત્સવ દરમિયાન માત્ર 3 દિવસ લાઉડ સ્પીકર વગાડવામાં આવશે

■ હોમ ટાઈમ્સ ટીમ

આગામી ગણેશોત્સવ દરમિયાન એક મહત્વપૂર્ણ નિર્ણય લેતાં જિલ્લા મેજિસ્ટ્રેટે માત્ર ત્રણ દિવસ માટે રાત્રે ૧૨ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપી છે. જિલ્લા મેજીસ્ટ્રેટના નિર્ણય બાદ સંકલન સમિતિમાં નારાજગી જોવા મળી રહી છે અને ટૂંક સમયમાં આ અંગે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને ૫ દિવસ સુધી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી માટે અપીલ કરવામાં આવનાર છે.

જાહેર ગણેશ સંકલન સમિતિમાં નારાજગી વ્યાપી

અત્રે ઉલ્લેખનીય છે કે, ગણેશ ઉત્સવને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. અનેક પંડાલોમાં ગણપતિ બાપ્પાનું આગમન પણ શરૂ થઈ ગયું છે. આ ઉત્સવ પહેલાં, મુંબઈમાં ઘણા સાર્વજનિક ગણેશ પંડાલોએ મંડપ અને લાઉડસ્પીકર લગાવવાની પરવાનગી માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરી છે. પરંતુ મુંબઈના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે ગણેશ ઉત્સવ દરમિયાન માત્ર ત્રણ દિવસ મધ્યરાત્રિ ૧૨:૦૦ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી સાર્વજનિક ગણેશ સંકલન સમિતિમાં નારાજગી જોવા મળી રહી છે. રાજ્ય સરકારના આદેશ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જેના અંગે આગામી દિવસોમાં જાહેર પંડાલના અધિકારીઓ આ સંદર્ભે બેઠક યોજીને સરકારને આવેદનપત્ર આપવાની તૈયારી કરી રહ્યા છે. આપને જણાવી દઈએ કે કોર્ટના આદેશ અનુસાર લાઉડસ્પીકર માત્ર રાત્રે ૧૦ વાગ્યા સુધી વગાડવાની છૂટ છે, પરંતુ ગયા વર્ષે આ તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો અને પ્રશાસન દ્વારા ચાર દિવસ સુધી લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી આપવામાં આવી હતી. કોરોના મહામારી બાદ તમામ તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યા છે. પરંતુ આ વર્ષે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા લેવાયેલા નિર્ણયને કારણે ગણેશ ઉત્સવ ફીકો પડી જવાની ધારણા છે. જો કે હવે ત્રણ દિવસના બદલે હવે ૫ દિવસ મધરાતે ૧૨ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી માંગવામાં આવશે.

દહી હાંડી ઉત્સવ માટે પોલીસ સજ્જ

પોલીસ અધિકારીઓએ દહીંહાંડી આયોજકો સાથે બેઠક યોજી .....

પહેલા પાનાથી ચાલુ...

કાર્યકર્તાઓએ સાવચેતી રાખવી જોઈએ, જેથી કોઈ પણ પ્રકારની ખલેલ પહોંચે નહીં. મીટીંગમાં જ્યાં દહીંહાંડીનું આયોજન કરવામાં આવે છે, ત્યાં લાઉડ સ્પીકર માટેના નિયમો અંગે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. ઈવેન્ટ દરમિયાન પોલીસે પણ સાવચેત રહેવા અપીલ કરી હતી, જેથી રસ્તાઓ પર ટ્રાફિક જામ થાય નહીં, ભીડનું આયોજન કરવામાં આવે, જેથી નાસભાગને નીવારી શકાય. દહીંહાંડી ઉત્સવનું આયોજન રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી કરવાનું રહેશે, ત્યારબાદ જો કોઈ દહીંહાંડીનું આયોજન ચાલુ રાખશે અથવા મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડશે તો તેની સામે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે એમ પણ કહ્યું હતું કે આ સંદર્ભમાં, જો કોઈ મંડળ નિયમોનું ઉલ્લંઘન કરે છે, તો આવા મંડળોને આવતા વર્ષે પરવાનગી આપવામાં વિચારણા કરવામાં આવશે. આ બેઠક આસિસ્ટન્ટ પોલીસ કમિશનર રવિન્દ્ર દળવી, મુલુંડ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક કાંતિલાલ કોથિમ્બીરે, નવઘર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક દત્તાત્રેય ગિરાપની હાજરીમાં યોજાઇ હતી. તહેવાર દરમિયાન મુલુંડમાં ભારે પોલીસ બંદોબસ્ત રહેશે.

૨૦ સ્ટેશનો દ્વારા મુંબઈની હવાની ગુણવત્તા અંગે થશે ઝીણવટભર્યું નિરીક્ષણ

મુલુંડ પશ્ચિમમાં પણ હવાના પ્રદૂષણનો અંદાજ લગાવી શકાશે

■ હોમ ટાઈમ્સ ટીમ

ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર પોર્ટલ પર એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ મુંબઈગરાંના સ્વાસ્થ્યની કાળજી લેશે, કારણ કે આ સિસ્ટમ દ્વારા વાયુ પ્રદૂષણના સ્તરની વાસ્તવિક સમયની માહિતી અને પ્રદૂષણના સ્તરની સંભવિત આગાહી જાણી શકાશે. આનાથી વાયુ પ્રદૂષણ વિશે માહિતી મેળવવામાં સરળતા રહેશે, મુંબઈ મહાનગરના નાગરિકો આનો લાભ લઈ શકશે.

આઇઆઇટીએમએ સેન્ટર ફોર સ્ટડી ઓફ સાયન્સ, ટેક્નોલોજી એન્ડ પોલિસી દ્વારા આયોજિત ઈન્ડિયા ક્લીન એર સમિટ ૨૦૨૩માં આ સંદર્ભે એક પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ વેબસાઈટ મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં ૨૪ સ્થળોએ પ્રદૂષણ વિશે માહિતી, રીઅલ-ટાઇમ ડેટા અને ભાવિ આગાહીઓ પ્રદાન કરે છે. આઇઆઇટીએમએએ સમગ્ર ભારતમાં ૪૨૦ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશનના નેટવર્ક દ્વારા ડેટા એકત્રિત કર્યો છે. ડેટા કલેક્શન સ્ટેશન દિલ્હી, પુણે, અમદાવાદ, બેંગ્લોર, કોલકાતા અને મુંબઈમાં સ્થિત છે. વિશ્વભરમાં આટલા મોટા પાયા પર પ્રદૂષણનો ડેટા એકત્ર કરવો દુર્લભ છે. મુંબઈથી આ માહિતી એકઠી કરવામાં અનેક પડકારોનો સામનો કરવો પડશે. અમારી સિસ્ટમ ચોકસાઈ પર આધારિત છે. વેબસાઇટ પરની માહિતી નાગરિકોને એલર્ટ રાખશે. વેબસાઈટનો ઉપયોગ કરીને પ્રદૂષણની સ્વાસ્થ્ય પર થતી અસરોને ટાળી શકાશે. આ વેબસાઈટ વરિષ્ઠ નાગરિકો અને બાળકો માટે ઉપયોગી થશે, કારણ કે તેમને શ્વસન સંબંધી રોગોનું જોખમ વધારે રહે છે.

> જો હાઉસિંગ સોસાયટીઓ ઓછા ખર્ચે સેન્સર લગાવવા માટે પહેલ કરે તો નાગરિકો દ્વારા એકત્રિત કરવામાં આવનારી માહિતી ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આનાથી પ્રદૂષણના સ્તરને ઘટાડવામાં મદદ મળશે. આનાથી વહીવટીતંત્રને પ્રદૂષણના સ્તરને નિયંત્રિત કરવામાં પણ મદદ મળશે.
>
> **- ડો.સચિન ઘુડે, વૈજ્ઞાનિક આઈ.આઈ.ટી.એમ**

> મેટ્રોપોલિટન વિસ્તારમાં વિવિધ સ્થળોએ કુલ ૨૪ મોનિટરિંગ સ્ટેશનો છે. મુંબઈમાં ૨૦ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન છે. તેમાંથી કેટલાક સ્ટેશન નેવી નગર, મલાડ (પૂર્વ), બોરીવલી (પૂર્વ), દેવનાર, પવઇ, મુલુંડ (પશ્ચિમ), બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ અને ચકાલા ખાતે છે. અન્ય ચાર સ્ટેશન મહાપે, વસઈ, નેરુલ અને કલ્યાણમાં છે.
>
> **- ડો.પ્રતિમા સિંઘ, વૈજ્ઞાનિક, એર ક્વોલિટી, સીસ્ટમ**

જરાજ એન્ટીક®

સરોજ ગડા મુલુંડ (ઈસ્ટ) ગામ : રાઈધણજર / ગઢશીશા

સ્પેશિયલ ફેસ્ટીવલ ઓફર 10% થી 40 % ડિસ્કાઉન્ટ

(1 grm Gold) ગોલ્ડ ફોર્મીંગ દાગીનામાં વેરાયટીઓનો ખજાનો

હા... ખરેખર મનમોહક ડીઝાઈનર દાગીના જે રીયલને બાજુમાં રાખી દે તેવી લાઈટ વેટમાં એન્ટીક + કુંદન + અમમાં નેકલેશ સેટ, પેન્ડલ બુટી લોંગ સેટ, ચંદનહાર, જવહાર, જવપાટલા ગોલ્ડ રોડિયમ બંગડી કડા, ચેન, અને અનેક વેરાયટીઓ નો ખજાનો અદભુત કલેકશન.

જુના અને નવા માનવતા ગ્રાહકોને ભાવભર્યું આમંત્રણ.

સચોટ વિશ્વાસ અને વહેવારના આધારે ગ્રાહકોની અતુટ વિશ્વાસ એટલે 'જશરાજ એન્ટીક'

તહેવારની વિશેષ ઓફર ૧૦ થી ૪૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર.

CONTACT : GIRISH GADA - 9821376756 SAROJ GADA - 9821854370

તા.ક. નોંધ: ફોન કરીને આવવું.

મુલુંડની પત્રા ચાલીમાં તડીપાર ગેંગસ્ટરનો આતંક

તડીપારની કાર્યવાહી છતાં ગુંડાગીરી ચાલુ : આરોપીએ ઘરમાં ઘુસી જઈને મારપીટની હદ વટાવી

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડની પત્રા ચાલમાં પકડાયેલા ગુંડાનો આતંક ફરી શરૂ થયો છે. જો સ્થાનિક વિસ્તારમાં રૂમ ખરીદવા કે વેચવાની જરૂર હોય, તો તેણે એક નિયમ બનાવ્યો છે કે તેની પરવાનગી વિના કોઈએ પણ લેવડદેવડના વ્યવહારમાં સામેલ ન કરી શકાય. આ નિયમનું પાલન નહીં કરનારાઓને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવે છે. તેના આતંકના કારણે આ વિસ્તારના નાગરિકોમાં ભયનું વાતાવરણ ફેલાયું છે.

પોલીસ અને સ્થાનિક રહેવાસીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, મુલુંડના નવઘર વિસ્તારના પત્રા ચાલ સેક્શનમાં રહેતો સ્વપિનલ બોહરા છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં આતંક મચાવી રહ્યો છે. તેની સામે મારપીટના ઘણાં આરોપો છે. તાજેતરમાં તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તડીપારની સજા ભોગવ્યા બાદ તે ફરી મુલુંડ નવઘર વિસ્તારમાં આતંક ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ અશોક ગોસાવી નામનો વ્યક્તિ તેના મિત્ર માટે આનંદ નગરની પત્રા ચાલમાં રૂમ જોવા માટે આવ્યો હતો. રૂમ જોયા બાદ તેઓ ડીલની વાત કરી રહ્યા હતા, ત્યારે અચાનક સ્વપિનલ બોહરા ત્યાં આવ્યો હતો અને અશોક ગોસાવીને અપશબ્દો બોલી ધમકી આપી હતી કે મારી પરવાનગી વગર અહીંના રૂમો વેચવા નહી. આના પછી અશોક ગોસાવીએ નવઘર પોલીસ સ્ટેશનમાં સ્વપિનલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે બોહરાને ફોન પર સમજાવ્યો, પરંતુ તેનાથી તે વધુ ગુસ્સે થયો હતો. સાંજે તે અશોક ગોસાવીના ઘરે ગયો હતો અને તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. ઘરમાં ઘુસીને લાતો અને મુક્કાથી તેને માર માર્યો હતો. જેના કારણે ઘરની તમામ વસ્તુઓ અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. પોલીસમાં કેમ ફરિયાદ કરી છે, તેમ કહી રાત્રે તલવાર વડે મારી નાખવાની ધમકી પણ આપી હતી. તે સમયે અશોક ગોસાવીના મિત્રોએ બોહરાને આશ્વાસન આપ્યું હતું અને ખાતરી આપી હતી કે તેમની પરવાનગી વિના આ વિસ્તારમાં કોઈ રૂમ વેચવામાં આવશે નહીં. આ પછી નારાજ બોહરા ત્યાંથી ચાલ્યા ગયા. આ માહિતી ફરીથી પોલીસને આપવામાં આવી હતી. આ પછી નવઘર પોલીસે સ્વપિનલ વિરુદ્ધ મારપીટ અને ધમકીનો કેસ નોંધીને તેની ધરપકડ કરી હતી. વધુ તપાસ ચાલુ છે.

ટાટા કોલોનીમાં મીટરની કેબીન બળીને ખાખ

સ્થાનિક નાગરિકોએ પોતાનો જીવ જોખમમાં મુકી આગને કાબુમાં લીધી

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડ પૂર્વના ટાટા કોલોની વિસ્તારમાં આવેલી ગિરિજાબાઈ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના મીટર કેબિનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ આગમાં મીટરની આખી કેબિન બળીને રાખ થઈ ગઈ હતી. પરંતુ સ્થાનિક નાગરિકોએ જીવના જોખમે આગ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ આ ઘટનાએ ફરી એકવાર ઈમારતોમાં મીટર કેબીનોની હાલત, ખરાબ મટીરીયલ વગેરેને કારણે વીજ મીટરોમાં આગ લાગવાને કારણે નાગરિકોની સલામતીનો પ્રશ્ન ઉજાગર કરેલ છે.

રાતનો સમય હોવાથી બધા સૂઈ રહ્યાં હતાં. પરંતુ અચાનક આગ લાગતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં સ્થાનિક નાગરિકોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી ફાયર મીટરનું નિરીક્ષણ કર્યું હતું. સમગ્ર આગ ઓલવાઈ ગઈ છે કે નહીં તેની ખાતરી કરી હતી. હાલમાં નબળી ગુણવત્તાના વાયરિંગ અને લોડમાં અચાનક વધારો તેમજ મીટર કેબીન લગાવવાની જગ્યાના કારણે મીટર કેબીનમાં આગ લાગવાના બનાવો વધી રહ્યાં છે. મુલુંડ પૂર્વ વિસ્તારમાં ટાટા કોલોની પાસે ગિરિજાબાઈ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં શનિવારે (૨૬ ઓગસ્ટ)ના રોજ લાગેલી આગથી આ વાત સાબિત થઈ છે. રાત્રે લગભગ ૧૧ વાગ્યે મુલુંડ પૂર્વ વિસ્તારમાં ગિરિજાબાઈ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની બિલ્ડિંગના મીટર કેબિનમાં આગ ફાટી નીકળી હતી. આગ મોટા પાયે ફેલાઈ ગઈ હતી, જેના કારણે આગને જોતાં સ્થાનિક લોકોએ આખી સોસાયટીને ખાલી કરાવી હતી. આગની જ્વાળાઓએ ભયંકર રૂપ ધારણ કર્યું હતું. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. પરંતુ સમય બગાડ્યા વિના ફાયર બ્રિગેડની ગાડીઓ આવે તે પહેલાં સ્થાનિક રહીશોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો. સમગ્ર બિલ્ડીંગનો વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. જો કે આ આગનું ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી, પરંતુ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. આગલા દિવસે પણ આગના કારણે બિલ્ડિંગમાં અંધારપટ છવાયેલો રહેતા ત્યાંના રહેવાસીઓને ભારે હાલાકી પહોંચી હતી. બિલ્ડીંગમાં મીટર કેબીનનું લોકેશન ખોટું અને વાયરીંગ હલકી ગુણવત્તાનું હોવાનો આક્ષેપ નાગરિકોનો છે. સ્થાનિક નાગરિકોએ કર્યો હતો.નાગરિકોનું કહેવું છે કે મુલુંડમાં આ પ્રકારની આગજનીની વધતી જતી ઘટનાઓને જોતાં હવે ફાયર બ્રિગેડ વિભાગની સાથે સોસાયટીના સભ્યોએ પણ નક્કર પગલાં ભરવા જોઈએ અને પોતપોતાની સોસાયટીના મીટર કેબિનોની તપાસ કરવી જોઈએ.

ગાયને ટેમ્પોમાં બાંધીને કતલખાને લઈ જનારા ૪ શખ્સો સામે કેસ નોંધાયો

■ હોમ ટાઈમ્સ ટીમ

ગેરકાયદેસર રીતે ટેમ્પોમાં બાંધીને ગાયોની તસ્કરી કરનારા ૪ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસમાં નવઘર પોલીસે ટેમ્પો કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે.

નવઘર પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, થોડા દિવસો પહેલાં તેમને બાતમી મળી હતી કે મુંબઈથી ચાર ગાયોને કારમાં બંધ કરીને કતલખાને લઈ જવામાં આવી રહી છે. જેના બાદ નવઘર પોલીસ એક્શન મોડમાં આવી હતી અને આનંદ નગર ટોલ નાકા પર નાકાબંધી કરવામાં આવી હતી. નવઘર પોલીસની નાકાબંધી દરમિયાન MH 01 CV 3709 નંબરનો ટેમ્પો શંકાસ્પદ જણાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તે ટેમ્પોને અટકાવ્યા બાદ પોલીસે ટેમ્પોની તપાસ કરતાં પોલીસને બાતમી મળી હતી કે ટેમ્પોમાં ચાર ગાયો બાંધીને કતલખાને લઈ જવામાં આવી રહી છે. આ મામલો સામે આવ્યા બાદ નવઘર પોલીસ દ્વારા સૈફ મોહમ્મદ ઈસ્માઈલ શેખ સહિત કુલ ચાર લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

હાલ નવઘર પોલીસે ટેમ્પો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મુંબઈમાં પાણીની તંગીનું તોળાઈ રહેલ સંકટ!

ચોમાસા પર બ્રેક, ઓગસ્ટ મહિનામાં વરસાદ નહીવત

■ હોમ ટાઈમ્સ ટીમ

ચોમાસા દરમિયાન ગરમીએ મુંબઈગરાઓ પર હુમલો કર્યો છે. એકાદ-બે મહિના પહેલાં સૌથી નીચલી સપાટીએ પહોંચેલો ડેમ હજુ પણ વરસાદી પાણીથી સંપૂર્ણ ભરાયો નથી, ત્યારે વરસાદે પણ તેના પર બ્રેક લગાવી દીધી છે. જેથી ફરી એકવાર મુંબઈગરાઓ સમક્ષ પાણીની તંગીની સમસ્યા ઉભી થઈ છે. જેના કારણે ફરી એકવાર મહાનગર પાલિકાને પાણીમાં કાપ મુકવાનો વારો આવ્યો છે. આવી સ્થિતિમાં વરસાદની સિઝનમાં સર્જાતી પરિસ્થિતિને કારણે મુંબઈગરાઓ એકદમ ડરી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

આ વર્ષે ઓગસ્ટ મહિનો ચોમાસાનો અત્યાર સુધીનો સૌથી લાંબો શુષ્ક મહિનો સાબિત થઈ રહ્યો છે, કારણ કે દર વર્ષે આ મહિનામાં તમામ જળાશયો વરસાદી પાણીથી છલોછલ ભરેલા હોય છે, પરંતુ આ વર્ષે વરસાદના પાણીથી છલકવા જળાશયો પાણીથી ભરાવાની આશા રાખીને બેઠા છે. આ મહિને વરસાદ નહીં થવાને કારણે તળાવો અને જળાશયો માત્ર નેવું ટકા જ ભરાયા છે. ઓગસ્ટ મહિનો પૂરો થવા છતાં વરસાદ પાછો આવવાનું નામ લઈ રહ્યો નથી. તેથી, જળાશયમાં પાણીનો સંગ્રહ ઝડપથી ઘટી રહ્યો છે. આવી સ્થિતિમાં મુંબઈગરાંને પાણીની અછતના સંકટનો સામનો કરવો પડશે, તેવું લાગી રહ્યું છે. મુંબઈ મહાનગરપાલિકા પણ આ અંગે યોગ્ય પગલાં લેશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પાણી એકત્રિત કરીને તેને ભાંડુપ કેમ્પસમાં લઈ જવાનો પ્રોજેક્ટ અમલમાં મૂકવા જઈ રહી છે.

મ્યુનિસિપલ પ્રશાસન વિચારી રહ્યું છે કે આ માધ્યમથી વધુમાં વધુ પાણીનો સંગ્રહ કરીને આ પાણીનો મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ઉપયોગ કરી શકાય. આ અંગે ચર્ચાઓ પણ થઈ છે. જો સપ્ટેમ્બર મહિનામાં વરસાદ આવો જ રહ્યો તો મુંબઈગરાંને પાણીની મોટી કટોકટીનો સામનો કરવો પડશે. વરસાદના અભાવે રાજ્યમાં ઘણે ઠેકાણે દુષ્કાળની સ્થિતિ સર્જાઈ ચૂકી છે. આવી સ્થિતિમાં, જો મુંબઈને પાણી પૂરું પાડતા સાતેય જળાશયોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટતું રહેશે તો મુંબઈગરાંને જળસંકટનો સામનો કરવો પડશે. તેથી, મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રશાસન હવે મુંબઈગરાંને પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી રહ્યું છે.

બુલેટે હડફેટે લેતાં રિક્ષા પલટી ખાઇ ગઇ,

બુલેટ ચાલકનું મોત, રિક્ષાચાલક ઘાયલ

■ હોમ ટાઈમ્સ ટીમ

૩૩ વર્ષીય સુમિત ગૌરીએ રિક્ષાચાલકે ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કર્યુ હોવાને કારણે જીવ ગુમાવ્યો હતો. આ ઘટના તાજેતરમાં મુલુંડ ઐરોલી ખાડી પાસે બની હતી. આ ઘટના બાદ પોલીસે રિક્ષાચાલક વેદ પ્રકાશ સુખલાલની ધરપકડ કરી હતી.

૨૮ ઓગસ્ટે, સવારે ૧૦ વાગ્યે, મુલુંડ પોલીસને વાયરલેસ પર માહિતી મળી હતી કે ઐરોલી ક્રીક પાસે સાઉથ ચેનલ મુલુંડ તરફ જતા રસ્તા પર લોહીના ખાબોચિયામાં એક વ્યક્તિ પડેલો છે. પોલીસની ટીમ જ્યારે ઐરોલી ખાડી તરફ ગઈ ત્યારે તેણે રસ્તાની વચ્ચે એક રિક્ષા પલટી ગયેલી જોઈ. તેમજ પડી ગયેલી રિક્ષાની આગળ એક બુલેટ પડી હતી. બુલેટ પાસે એક વ્યક્તિ લોહીથી લથપથ પડેલો જોવા મળ્યો હતો. આ સાથે રિક્ષામાં સવાર લોકો અને રિક્ષાચાલક ઈજાગ્રસ્ત હાલતમાં ફૂટપાથ પર બેઠેલાં જોવા મળ્યા હતા. પોલીસે તેને મુલુંડની વીર સાવરકર હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ડોક્ટરે જણાવ્યું કે બુલેટ ડ્રાઈવર સુમિતનું સારવાર પહેલાં જ મોત થઈ ગયું હતું. જ્યારે રીક્ષામાં સવાર મુસાફરો અને રીક્ષા ચાલક સુખલાલને ઈજાઓ પહોંચી હતી. પોલીસે રિક્ષામાં સવાર મુસાફરો પાસેથી માહિતી લીધી તો જાણ થઇ કે પહેલાં તો રિક્ષા ચાલક જમણી તરફ જઈ રહ્યો હતો અને અચાનક તેણે લેફ્ટ ટર્ન લીધો, એ સમયે રિક્ષા ચાલક ખૂબ જ ઝડપથી રીક્ષા ચલાવી રહ્યો હતો. જેના કારણે રીક્ષાની પાછળ આવી રહેલા બુલેટ ચાલકે કાબુ ગુમાવી દીધો અને એ સીધું રીક્ષાની જમણી બાજુએ અથડાયું હતું.

ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષા પલટી ખાઇ ગઈ હતી અને બુલેટ ચાલક ડિવાઈડર સાથે અથડાઈને રોડની વચ્ચે પડ્યો હતો. જેમાં તે ગંભીર રીતે ઘાયલ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે રિક્ષાચાલક સામે મોટર વ્હીકલ એક્ટ હેઠળ ઓવર સ્પીડિંગ અને અન્ય લોકોના જીવને જોખમમાં મુકવા બદલ કેસ નોંધ્યો છે. થોડા દિવસો પહેલાં મુલુંડના આનંદ નગર ટોલ નાકા વિસ્તારમાં એક ઘટના બની હતી, જ્યાં લાયસન્સ વગર રિક્ષા ચલાવતા યુવકે તેના મિત્રની હત્યા કરી હતી. જેથી હવે આવા રીક્ષાચાલકોનાં જોખમી ડ્રાઈવિંગથી નાગરિકોના મનમાં ભયનો માહોલ સર્જાયો છે. પોલીસે આવા રીક્ષાચાલકો સામે કડક કાર્યવાહી કરવાની જરૂર છે તેવું સ્થાનિક નાગરિકો માને છે.

Helpline

સિટિઝન રિપોર્ટ
78956 78956

હોમ કેબલ
022 - 6614 6060

હોમ નેટ
022 - 6621 1333
customerservice@homenet.net

હોમ ટાઈમ્સ
022 - 6614 6050
write2us@hometimes.in

હોમ ટાઈમ્સ અને
હોમ કેબલમાં
જાહેરાત માટે સંપર્ક
78957 78957
homecableads@gmail.com

ઉપર મુજબ આપેલ જાણકારી માટે
યોગ્ય નંબર પર જ ફોન કરવા નમ્ર વિનંતી

વાચકોએ નોંધ લેવી

વાચકોએ ખાસ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમે કોઈ બાંયધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. **- માલિક/મુદ્રક/પ્રકાશક**

સુજોક ફીટનેસ

ડૉ.મોનીષા રાવત

ચોમાસામાં ખરતા વાળની સમસ્યા

કોઈપણ દવા વિના રોકવા અને સારવાર કરવાની કુદરતી રીતો

વાળ ખરવાથી માંડીને વાળ ચીકણા થવા સુધીની સમસ્યા ચોમાસામાં વધી જાય છે

ચોમાસામાં વાળ ખરવા એ એક સામાન્ય ઘટના છે. સામાન્ય રીતે આપણે દરરોજ ૫૦-૧૦૦ વાળ ગુમાવીએ છીએ. વરસાદની મોસમમાં વાળ ખરવાની દૈનિક સંખ્યા ૨૦૦-૨૫૦ સુધી જાય છે.

ચોમાસામાં વાળ કેમ ખરી જાય છે?

ચોમાસામાં આપણા વાળ વધુ ભેજ, વાયુ પ્રદૂષણ, એસિડ વરસાદના સંપર્કમાં આવે છે, જે વાળને શુષ્ક અને બરડ બનાવે છે. વધુ પડતો પરસેવો, ખોડો, પોષક તત્ત્વોની ઉણપ, હોર્મોનલ અસંતુલન, સ્વાસ્થ્ય સમસ્યાઓ અને હીટીંગ ટૂલ્સ જેવા અન્ય ઘણા મહત્વપૂર્ણ પરિબળો પણ વાળ ખરવામાં કારણરૂપ છે.

અમારા **'મોનિષાઝ મંત્ર'**માં, અમે ઘણી વ્યક્તિઓને નીચેની રીતે કોઈપણ દવાનો ઉપયોગ કર્યા વિના કુદરતી રીતે તેમના વાળ ખરતા અટકાવવામાં મદદ કરી છે:

- ચિયા અને ફ્લેક્સસીડ્સ, બદામ, સોયા, સ્પ્રાઉટ્સ, પ્રોટીન સમૃદ્ધ ખોરાક, ગાજર, વિટામિન-સી સમૃદ્ધ ફળો અને શાકભાજી જેવા આવશ્યક ફેટી એસિડનો આહારમાં સમાવેશ કરો.
- દરેક વખતે ધોયા પછી વાળને કુદરતી રીતે સુકાવા દો.
- ભીના વાળ ન બાંધો કારણ કે તે નબળા હોઈ તૂટી શકે છે
- જ્યારે વધુ પડતા વાળ ખરતા હોય ત્યારે સ્ટ્રેટનર, કર્લર, ડ્રાયરનો ઉપયોગ કરવાનું ટાળો.
- વધુ પાણી પીવો કારણ કે હાઈડ્રેટેડ રહેવાથી વાળ ખરતા અટકે છે.
- આલ્કોહોલ અને નિકોટિનનું સેવન ઓછું કરો.
- વહેલા સૂવા અને વહેલા ઉઠવાની શિસ્તબદ્ધ ઊંઘની પેટર્ન અનુસરો
- શારીરિક રીતે સક્રિય રહો.

ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન (ISA)
પ્રમાણિત વર્કશોપ શેડ્યૂલ

૧) **રેસિડેન્શિયલ, સુજોક** સિક્સ કી -૧ (લેવલ - III) તારીખ ૩જી થી ૮/૯/૨૦૨૩)
૨) **ઓનલાઈન (આંતરરાષ્ટ્રીય), સુજોક** - બેઝિક (લેવલ - I) તારીખ ૧૪મી થી ૨૨/૦૯/૨૦૨૩
૩) **ઓનલાઈન, સુજોક** સિક્સ કી - ૧ (લેવલ - III) ૧૨મી થી ૨૩/૧૦/૨૦૨૩
૪) **રેસિડેન્શિયલ, મેરિડીયન સુજોક** કી (લેવલ II) - ૨૭મી થી ૨૯/૧૦/૨૦૨૩

મર્યાદિત બેઠકો.
ફર્સ્ટ કમ ફર્સ્ટ બેસિસ પર બુકિંગ સીટ રજીસ્ટ્રેશન માટે કોલ કરો -
8422948592 / 8655139777

સુજોક થેરેપી

બીજ ચિકિત્સા દરરોજ રાત્રે કોઈપણ આંગળીની નીચલી, બહારની બાજુએ રાજમા લગાવો. **(તસવીર ૧ માં બતાવ્યા પ્રમાણે)**

નેઈલ થેરાપી - સુજોક અનુસાર આપણા નખ મુખ્ય અંગોને અનુરૂપ છે. દરરોજ બે વાર બધા ૨૦ નખ ઘસવાથી, આપણી સિસ્ટમને પુનર્જીવિત કરવામાં મદદ મળે છે અને વાળ ખરતા ઘટાડવામાં મદદ મળે છે. **(તસવીર ૨ માં બતાવ્યા પ્રમાણે)**

Dr.Monisha Rawat - Founder of `Monisha`s Mantra`, Mumbai and Global We Care Foundation -
M.Sc., M.D. (Alternative Medicine), Life Coach, Master in Sujok, Consulting Nutritionist, Corporate Trainer, Holistic Counselor, Sujok Diabetes Specialist, International Lecturer for Sujok & Smile Taiji. ISA Authorized Lecturer for SUJOK Level – I, II, III & IV
An ISO Certified Centre at Mumbai.
Mulund:08655139777/09029960086, Goregaon-918433947592/9820343592 • Web:www.monishamantra.com

Award Winner as a BEST PERFORMING TEACHER by International Sujok Association (ISA) – SIC 2019
NATIONAL EXCELLENCE HEALTH AWARD – 2019 During COVID 19
Award Winner of Inernational Women Excellence Empowerment Award (WEE) – 2020 as a RISING STAR
Award winner of India Best Therapist Award for the Year 2021 by MKSS
Award winner of PILLAR OF MAHARSHTRA AWARD-2022, in Association with MahaSEWA.
Award Winner of ET CHANGE MAKER - 2022 forHealth & Wellness powered by Economic Times -Ascent & Navbharat Times

સુનિતા દેસાઈ

સુનીતા દેસાઈ ૨૦૦૩થી ટેરોટ રીડર છે. આ સિવાય ગ્રાન્ડ માસ્ટર ઈન રેકી, ચક્રામેડીટેશનના ચાર લેવલ, માસ્ટર ઈન મર્મા, જી.પી. ઈન શીયાસ્તુ, ક્રિસ્ટલ અને પીરામીડ એક્સપર્ટ, માસ્ટર એક્યુપ્રેશરાઈસ્ટ, અરોમા થેરાપીસ્ટ, પ્રાણીક હિલર, ઔરા રિડર, અને વર્ચુપ્રેક્ટીશનર છે. વ્યક્તિત્વ વિકાસ માટેના એમના લખેલા બે પુસ્તક ગુજરાતી માધ્યમિક શાળામાં અભ્યાસ તરીકે લેવામાં આવ્યા છે. તમને પર્સનલ કન્સટલટેશન માટે મળો.

રાશિ ભવિષ્ય : ૨ સપ્ટેમ્બર થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩

+91 93234 30355 or desaisunita02@gmail.com

મેષ (અ.લ.ઈ.):
ભવિષ્ય : તમને તમારા બધા પ્રિય અને નજીકના લોકો દ્વારા સ્વીકારવામાં આવશે. કોઈ તમને સારી રીતે મદદ કરશે. **સલાહ:** બધા જાણીતા અને અજાણ્યા લોકો સાથે મિત્રતા રાખવાનો પ્રયાસ કરો. નમ્ર બનો અને વૃદ્ધોને મદદ કરો. તમારી યાદશક્તિ પર ધ્યાન આપો.

કર્ક (ડ.હ.) :
ભવિષ્ય : તમારે કેટલીક મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. તમે નકામી વસ્તુઓ પર પૈસા ખર્ચ કરશો. **સલાહ:** આશાવાદી અને સામાજિક અને નિઃસ્વાર્થ બનો. પક્ષીઓ અને પ્રાણીઓને ખોરાક આપો. આંતરદૃષ્ટિ પર ધ્યાન આપો.

તુલા (ર.ત.) :
ભવિષ્ય : તમારો સંતોષ તમને માનસિક શાંતિ આપશે અને તમે સરસ રીતે કામ કરશો. **સલાહ:** તમારો સામાન તમારા પ્રિય અને નજીકના લોકો સાથે શેર કરો. વાંચન તમને મદદ કરશે, તેથી તમે જે વાંચો છો તે વાંચો અને સમજો. તમારા નફા પર ધ્યાન આપો.

મકર (ખ.જ.) :
ભવિષ્ય : તમારું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે તમારે આ અઠવાડિયે ખૂબ જ સખત મહેનત કરવી પડશે. **સલાહ:** જરૂરિયાતમંદોને થોડી રોકડ દાન કરો. ઈન્ડિગો રંગની વસ્તુઓનો ઉપયોગ કરો. તમારા પ્રેમ અને કાળજી પર ધ્યાન આપો.

વૃષભ (બ.વ.ઉ.):
ભવિષ્ય : તમે જેના પર વિશ્વાસ કરો છો, તેમના તરફથી તમને સમર્થન મળશે નહીં. આયોજન કરતાં પરિસ્થિતિ વધુ પ્રબળ રહેશે. **સલાહ:** ઝડપી નિર્ણયો લો અને તાત્કાલિક પગલાં લો. સમય અને પરિસ્થિતિને જેમ છે, તેમ જ અનુસરવાનો પ્રયાસ કરો. નવા સંબંધો પર ધ્યાન આપો.

સિંહ (મ.ટ.) :
ભવિષ્ય : તમે કોઈ પણ વસ્તુથી અથવા કોઈથી ખુશ થશો નહીં. તમે બંધાયેલા અનુભવશો. **સલાહ:** કોઈ પવિત્ર સ્થળ અથવા મંદિરની મુલાકાત લો. પક્ષીઓ અથવા પ્રાણીઓને ખવડાવવાથી તમને મદદ મળશે. તમારા નવા વિચારો પર ધ્યાન આપો.

વૃશ્ચિક (ન.ય.) :
ભવિષ્ય : તમે જે ઈચ્છો છો, તે તમને મળશે અને કોઈ છુપાયેલું સત્ય કોઈ વ્યક્તિ દ્વારા જાહેર કરવામાં આવશે. **સલાહ:** લોકોની વાત ધ્યાનથી અને સ્પષ્ટ રીતે સાંભળો. તમારું કામ જાતે કરો. કોઈના પર વિશ્વાસ ન કરો. તમારી જવાબદારીઓ પર ધ્યાન આપો.

કુંભ (ગ.સ.શ.ષ.) :
ભવિષ્ય : આ અઠવાડિયું તમારા માટે સારું છે અને તમને ઘણી સમસ્યાઓનો ઉકેલ મળશે **સલાહ:** રસ્તા ક્રોસ કરતી વખતે અને વાત કરતી વખતે કાળજી લો. લીલા રંગની વસ્તુઓનો ઉપયોગ કરો. તમારા કામ પર ધ્યાન આપો.

મિથુન (ક.છ.ઘ.) :
ભવિષ્ય : તમે તમારી મૌલિકતા અને સુગમતાથી ખુશ રહેશો. કોઈ તમને છેતરવાનો પ્રયાસ કરશે. **સલાહ:** તમારો અનુભવ તમારા શિક્ષકને યાદ રહેશે. તમારી લાગણીઓ અને શક્તિ સ્થિર રહેશે. તમારા રોકાણ પર ધ્યાન આપો.

કન્યા (પ.ઠ.ણ.) :
ભવિષ્ય : તમે તમારી ભૂતકાળની ભૂલોને સુધારવા માટે એટલા મજબૂત બનશો અને તે બાબત તમને ઘણી મદદ કરશે. **સલાહ:** તમારે પરિસ્થિતિઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે જેના પર વિશ્વાસ કરો છો, તેની સલાહ લો. તમારી ઈચ્છા શક્તિ પર ધ્યાન આપો.

ધનુ (ભ.ધ.ફ.ઢ.) :
ભવિષ્ય : તમારો લોભ તમારા સુખ અને સંવાદિતાના માર્ગમાં અવરોધ બનશે.
સલાહ: પક્ષીઓ અને પ્રાણીઓને ખોરાક આપો. ગ્રે કલરની વસ્તુઓનો ઉપયોગ કરો. તમારી દયા પર ધ્યાન આપો.

મીન (દ.ચ.ઝ.થ.) :
ભવિષ્ય : પૈસાની વધઘટ રહેશે અને આ સપ્તાહમાં કંઈક અનિચ્છનીય વસ્તુઓ પણ કરવી પડશે **સલાહ:** ઉતાવળ નુકસાનકર્તા હોઈ, ધીમા જાઓ. પીળા રંગની વસ્તુઓનો ઉપયોગ કરો. તમારી શ્રદ્ધા પર ધ્યાન આપો.

વર્ક ફ્રોમ હોમની લાલચ આપી ઓનલાઈન છેતરપિંડી

સાયબર પોલીસે ગુનો નોંધ્યો

■ હોમ ટાઈમ્સ ટીમ

જો તમે ઘરેથી કામ માટે અરજી કરી રહ્યા છો, તો તમારી સાથે છેતરપિંડી થઈ શકે છે, કારણ કે એક યુવક સાથે આવું જ કરવાનો પ્રયાસ થયો હોવાની ઘટના મુલુંડમાં બની છે. છેતરાયેલો યુવક મુલુંડ પૂર્વમાં રહે છે અને તેનું નામ પ્રજ્ઞેશ રોકડે છે. અજાણ્યા શખ્સોએ તેની સાથે લાખોની છેતરપિંડી કરી છે.

મુલુંડ ઈસ્ટ વિસ્તારમાં રહેતા પ્રજ્ઞેશ રોકડેને ૨૩ ઓગસ્ટે બપોરે ૧૨ વાગ્યે એક વોટ્સએપ મેસેજ મળ્યો હતો. આ વોટ્સએપ મેસેજમાં કહેવામાં આવ્યું હતું કે ઘરે બેસીને ઓનલાઈન કંપનીમાંથી પૈસા કમાવવાની તક મળી હોવાનું કહેવાયું હતું. જેમાં એક લિંક આપવામાં આવી હતી. પ્રજ્ઞેશે વોટ્સએપ પર જવાબ આપ્યો અને આપેલ લિંક પર તેની વિગતો ભરી. એટલામાં સામેથી તેનો ફોન આવ્યો. તેને ટેલિગ્રામ એપ પર એક ગ્રુપમાં જોડાવા માટે કહેવામાં આવ્યું હતું. તે ગ્રૂપમાં જોડાયા બાદ પ્રજ્ઞેશને ત્રણ ટાસ્ક આપવામાં આવ્યા હતા. આ ટાસ્ક પૂર્ણ કર્યું, તેના બદલામાં તેના બેંક ખાતામાં ૧૫૦ રૂપિયા જમા થયા. આ પછી, તેના બેંક ખાતામાં કેટલીક રકમ જમા કરવામાં આવી અને તેને ફરીથી નવો ટાસ્ક આપવામાં આવ્યો. આમ તેણે બીજો ટાસ્ક લીધું અને આ ટાસ્કમાં પ્રજ્ઞેશે રૂ. ૫૦૦ ચૂકવ્યા અને તેના બદલામાં તેને રૂ.૮૦૦ મળ્યાનું કહેવામાં આવ્યું. આ રકમ તેમના ખાતામાં જમા કરવામાં આવી હતી. આ પછી તેણે બે હજાર રૂપિયા આપીને નવો ટાસ્ક લીધો. આ કામ પૂર્ણ કર્યા બાદ તેના ખાતામાં ૨૫૦૦ રૂપિયા જમા થયા હતા. થોડા દિવસો પછી તેને એ જ કંપનીના એક્ઝિક્યુટિવનો ફોન આવ્યો. તેણે પ્રજ્ઞેશને એક ખાતામાં અનેક તબક્કામાં રૂ.૯૧,૦૦૦ ચૂકવવા અને ટાસ્ક લેવા કહ્યું. તેણે એમ જ કર્યું અને આપેલ ટાસ્ક પૂર્ણ કર્યું. પરંતુ તેના ખાતામાં પૈસા પરત આવ્યા નહોતા. જેના બાદ પ્રજ્ઞેશે તે એક્ઝિક્યુટિવનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે તેને ફરીથી ટાસ્ક માટે થોડી રકમ જમા કરાવવાનું કહેવામાં આવ્યું હતું. તે પછી રકમ અને કમિશન બંને તમારા ખાતામાં જમા થઈ જશે એમ જણાવાયું. પરંતુ પ્રજ્ઞેશને આ અંગે શંકા હતી. જેથી તેણે તમામ વ્યવહારો કેન્સલ કરીને આ અંગે સાયબર સેલને જાણ કરી હતી.

સાયબર સેલમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવ્યા બાદ પ્રજ્ઞેશને નવઘર પોલીસ સ્ટેશનમાં બીજી ફરિયાદ નોંધાવવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો. તે મુજબ તેણે ફરીથી અજાણ્યા શખ્સો સામે છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો. હાલના સમયે વેબસાઈટ પર દરેક જગ્યાએ ઘરે બેઠા લાખો રૂપિયા કમાવવાની જાહેરાતો જોવા મળે છે. પરંતુ આવી જાહેરાતો પાછળ કેટલાક છેતરપિંડી કરનારાઓ તમને ઓનલાઈન છેતરવા તૈયાર બેઠાં હોય છે. તેથી આવી તકો પૂરી પાડતી વેબસાઇટ અને કંપનીઓની મુલાકાત લેતાં પહેલાં તપાસ કરવી પણ એટલી જ જરૂરી છે.

કોઈ જાણકારી વિના અજાણી વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારના નાણાંનો વ્યવહાર કરવો એ ઓનલાઈન છેતરપિંડીને આમંત્રણ આપે છે. તેથી જ પોલીસે તમામ નાગરિકોને અપીલ કરી છે કે સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે.

મુલુંડ નિવાસી સાથે વર્ક ફ્રોમ હોમના બહાના હેઠળ

૧ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડમાં નાગરિકોને તેમના ખાતામાં નાની રકમ મોકલીને લાખો રૂપિયાની છેતરપિંડી કરાઇ હોવાનો વધુ એક કિસ્સો મુલુંડમાં પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનામાં મુલુંડના રહેવાસી સાથે ૧ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી થઈ હતી. હાલ મુલુંડ પોલીસ આ કેસની વધુ તપાસમાં જોડાઈ છે.

મુલુંડ પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ પીડિત વિપુલ ઉપાધ્યાય મુલુંડ પશ્ચિમનો રહેવાસી છે. ૪ ઓગસ્ટે વિપુલના વોટ્સએપ નંબર પર તૃષા નામની મહિલાનો મેસેજ આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે પાર્ટ ટાઈમ જોબ કરીને ઘરે બેસીને સારા પૈસા કમાઈ શકાય છે. આ મેસેજની નીચે ટેલિગ્રામ ગ્રુપની લિંક પણ આપવામાં આવી છે. પીડિતાએ લિંક પર ક્લિક કરતાંની સાથે જ પીડિતાને રજિસ્ટ્રેશન કરાવવા માટે કહેવામાં આવ્યું હતું અને પૂછાયેલા સવાલોના બદલામાં પીડિતાના બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતાં. લાલચને કારણે પીડિતાએ પોતાની ડિપોઝિટની રકમ વધારી દીધી અને અનેક ટ્રાન્ઝેક્શન કરવા સહિત તૃષા દ્વારા મોકલવામાં આવેલી લિંક દ્વારા કુલ ૧ લાખ ૧૪ હજાર રૂપિયા અન્ય એકાઉન્ટ નંબરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતાં. જ્યારે પીડિતાને કાર્ય માટે જમા કરવામાં આવેલા પૈસા પાછા મળ્યા નહીં, ત્યારે એને સમજાયું કે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. જેના બાદ પીડિતાએ સીધી મુલુંડ પોલીસ સ્ટેશન પહોંચી અને ઘટનાની જાણકારી આપી હતી.

હાલમાં મુલુંડ પોલીસે આઈપીસી અને આઈટી એક્ટની કલમ ૪૧૯, ૪૨૦ હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને આરોપીની શોધખોળ ચાલુ છે. ઘણીવાર એવું જોવા મળે છે કે આ નકલી લિંક દ્વારા પ્રારંભિક કાર્ય કરવાના બદલામાં નાગરિકોના ખાતામાં પૈસા મોકલવામાં આવે છે. જેના કારણે મહત્તમ નાગરિકો આ લિંક પર વિશ્વાસ કરે છે. પરંતુ બાદમાં તેમની પાસેથી મોટી રકમ પડાવી લેવામાં આવે છે.

પોલીસે આવી નકલી લિંક્સથી સાવચેત રહેવા અપીલ કરી છે.

મુલુંડ રહેવાસીના ઘરમાં ઘૂસી સોનાના દાગીનાની ચોરી, કેસ નોંધાયો

■ હોમ ટાઈમ્સ ટીમ

મુલુંડના રહીશના ઘરમાં કોઈ અજાણ્યા વ્યક્તિએ ઘૂસીને સોનાના દાગીનાની ચોરી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મુલુંડ પોલીસે આઈપીસીની કલમ ૩૮૦ હેઠળ કેસ નોંધ્યો છે અને ટેકનિકલ તપાસના આધારે આરોપીની સક્રિયપણે શોધ કરવામાં આવી રહી છે.

મુલુંડ પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ૪૫ વર્ષીય પીડિતા મુલુંડ વેસ્ટ એમજી રોડની રહેવાસી છે. થોડાં દિવસ પહેલાં પીડિતાએ પોતાના ઘરમાં રાખેલાં સોનાના દાગીનાની શોધખોળ કરતાં તેણીને ઘરની તિજોરીમાં રાખેલા સોનાના દાગીના મળ્યા નહોતા. આના પછી પીડિતા ઘણા દિવસો સુધી તેના ઘરમાં સોનાના દાગીના શોધી રહી હતી. જ્યારે આખા ઘરમાં સોનાના દાગીના નહીં મળ્યા, ત્યારે આખરે પીડિતાને ખ્યાલ આવ્યો કે કોઈ અજાણ્યા શખ્સે ઘરમાં કંઈક હાથફેરો કરી તેમના સોનાના દાગીનાની ચોરી કરી હશે. જેના બાદ પીડિતે સીધો મુલુંડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો અને ઘટનાની જાણ કરી હતી.

પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે ચોરાયેલા સોનાના દાગીનામાં ૧૨,૦૦૦ રૂપિયાની કિંમતની હીરા જડેલી કાનની બુટ્ટી અને ૩૬,૦૦૦ રૂપિયાની સોનાની વીંટીનો સમાવેશ થાય છે. જેના બાદ મુલુંડ પોલીસે આઈપીસી કલમ ૩૮૦ હેઠળ કેસ નોંધ્યો છે અને અજાણ્યા વ્યક્તિ અને ટેકનિકલ તપાસના આધારે આરોપીને સક્રિયપણે શોધી રહી છે.

CALL CENTER
022 66211333

E-MAIL ID
customerservice@homenet.net

FACEBOOK MESSENGER
HomeNet / @homenet.net

Facebook Messenger Scan Code:
To get in touch, simply scan
a code using the Messenger app.

HOME NET
www.homenet.net

WWW!

DOUBLE MAZZA!!
uploads & downloads
at same speed, since 2010
now @ ₹194/-*

Pay For 6 Months & Get Additional 7 Months Free

67 PE OFFER

TRULY UNLIMITED SPEED PLANS

PLAN NAME	30 DAYS RATE		390 DAYS
20 Mbps Unlimited	500/-	NOW 231/-*	3000/-
30 Mbps Unlimited	600/-	NOW 276/-*	3600/-
40 Mbps Unlimited	720/-	NOW 332/-*	4320/-
50 Mbps Unlimited	850/-	NOW 392/-*	5100/-
60 Mbps Unlimited	985/-	NOW 455/-*	5910/-

UNLIMITED POWER PLANS

PLAN NAME	DATA(GB)	SPEED AFTER DC	30 DAYS RATE		390 DAYS
40 Mbps till Allotted Data	250	20 Mbps	600/-	NOW 277/-*	3600/-
60 Mbps till Allotted Data	500	30 Mbps	750/-	NOW 346/-*	4500/-

UPLOAD OR DOWNLOAD @SAME SPEED
99% UPTIME

- Affordable Rates
- Super speed Upto 100 mbps
- Customer support Android / IOS app
- Online Payments
- Customer care 9 am - 12 midnight

67 PE OFFER

NEWLY LAUNCHED - FIBER TO THE HOME TECHNOLOGY

HOME FIBER
powered by HomeNet

UNLOCK YOUR SUPERPOWER

INTRODUCTORY HOME FIBER PACKS

UPGRADE YOUR EXISTING HOME NET TO
NEW FIBERNET EXPERIENCE WITH
ZERO INSTALLATION COST**
For New Customers installation charges of Rs.500/-* applicable

HOME FIBER TRULY UNLIMITED SPEED PACKS

PACK NAME	DATA(GB)	SPEED AFTER DC	EFFECTIVE MONTHLY RATE	360 DAYS
35 Mbps HomeFiber	UNLIMITED	NA	NOW 337/-*	4040/-
50 Mbps HomeFiber	UNLIMITED	NA	NOW 421/-*	5050/-
75 Mbps HomeFiber	UNLIMITED	NA	NOW 505/-*	6060/-
100 Mbps HomeFiber	UNLIMITED	NA	NOW 589/-*	7070/-

Many more Speed Pack options available up to 500 Mbps

** offer available only at the FTTH G / EPON Ready Building

TO AVAIL THIS
INTRODUCTORY OFFER
IN YOUR SOCIETY
PLEASE COME TO US WITH
A MINIMUM GROUP OF
15 CONNECTIONS

SYMMETRIC SPEED
SUPER SPEED PACK UP TO 500MBPS
EASY LOCAL APPROACH FOR ISSUE RESOLUTION
FASTER VISITS FOR TECHNICAL SOLUTIONS
NO VISIT CHARGES FOR ISSUES & COMPLAINTS

Customer Portal **login.homenet.net**
Customer Service Mobile App **Log2Space - HomeNet**
App Store Google Play

FOR NEW CONNECTIONS OR QUERIES CALL
Call - 75067 96562, 88790 00724, 88790 00720, 88794 47839
MULUND - A / 16, Gaurav Annex, R.R.T Road, Mulund (W), Mumbai - 400 080. Tel.: 022 662 11 333

MALAD • COLABA • VASHI • NERUL • THANE • AIROLI • ASANGAON • VASIND

*conditions apply

Printer, Publisher & Owner : **Hemanshu Girish Kothari** & Printed at Dangat Media Pvt. Ltd, Plot No.22, Digha MIDC, Vishnu Nagar, TTC Industrial Area, Digha, Navi Mumbai. Published at G/4, Landmark Appartment, Devidayal Cross Road, Mulund (W), Mumbai - 80.**Home Times** (Office): - 6th Floor, Flora Point, S.N. Road, Near Mulund Court, Mulund (W), Mumbai-80. **Editor : Hemanshu Girish Kothari** ● **RNI No. MAHGUJ/2016/66853**